પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૪ | ૫ જાન્યુઆરી, ૨૦૨૦, રવિવાર; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નનકાના સાહિબ પર હુમલાથી ભારત લાલઘૂમ

## ભારત પાકિસ્તાનમાં જાત તપાસ માટે વિશેષ ટીમ મોકલશે : ગુરુદ્વારા પર હુમલા બાદ દેશભરમાં જોરદાર દેખાવો : પાકિસ્તાન-ઇમરાન મુર્દાબાદના નારા લાગ્યા



નવીદિલ્હી, તા. ૪

પાકિસ્તાનમાં ગુરુનાનક જન્મસ્થળ નનકાના સાહિબ ગુરુદ્વારા પર ગઈકાલે કરવામાં આવેલા હુમલા બાદ ભારતમાં જોરદાર નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ભારતમાં ચારેય બાજુ આને લઈને નારાજગી જોવા મળી રહી છે. ભાજપ, કોંગ્રેસ, અકાળી દળ અને અન્ય પક્ષોએ આજે દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનની સામે જોરદાર દેખાવો કર્યા હતા. બીજી બાજુ દેશના જુદા જુદા ભાગોમાં પણ શિખ સમુદાયના લોકોએ માર્ગો ઉપર ઉતરીને પોતાની નારજગી વ્યક્ત કરી હતી. નનકાના સાહિબ ગુરુદ્વારા પર હુમલો કરવામાં આવ્યા બાદથી શિખ સમુદાયના લોકો ફસાઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર રજુ કરવામાં આવેલા વિડિયોમાં જોવા મળી શકે છે કે, ભીડ દ્વારા લઘુમતિ સમુદાયના લોકો સામે ધૃણાસ્પદ નારા લગાવ્યા હતા. સાથે સાથે ધર્મસ્થળ ઉપર પથ્થરમારો કર્યો હતો. પાકિસ્તાનની સુત્રોનું કહેવુ છે કે, ભીડનું નેતૃત્વ મોહમ્મદ હસનના પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. આ શખ્સે એક શિખ યુવતી જગજીત કૌરનું અપહરણ કરીને ધર્મ પરિવત્તન કરાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# ઈરાક પર અમેરિકાની સતત બીજા દિવસે એરસ્ટ્રાઈક

## એરસ્ટ્રાઈકમાં વધુ છના મોત : અમે ઈરાન સાથે યુદ્ધ કરવા નથી ઈચ્છતાઃ ડોનાલ્ડ ટ્રમ્પ

બગદાદ,તા.૪

અમેરિકા દ્વારા ઈરાકમાં સતત બીજા દિવસે હવાઈ હુમલો કરાયો છે. આ હુમલામાં ઈરાકના છ નાગરિકોના મોત નિપજ્યા છે. શુક્રવારે બગદાદ એરપોર્ટ નજીક કરાયેલા હવાઈ હુમલામાં અમેરિકાએ ઈરાનના ટોચના આર્મી કમાન્ડર જનરલ કાસિમ સુલેમાનીને ફૂંકી માર્યો હતો. આ હુમલામાં તેમની સાથે કુલ ૧૦ લોકો મોતને ભેટ્યા હતા. બગદાદ ઈન્ટરનેશનલ એરપોર્ટની બહાર થયેલા ડ્રોન હુમલામાં ઈરાકના શક્તિશાળી મનાતા હાશદ-અલ-શાબી પેરામિલીટરી ફોર્સના નાયબ વડા પણ માર્યા ગયા છે. શુક્રવારે થયેલા આતંકી હુમલામાં માર્યા ગયેલા આર્મી ચીફની અંતિમ વિધી અગાઉ જ અમેરિકા બીજો હવાઈ હુમલો કર્યો છે.

શનિવારે યુએસ દ્વારા બગદાદના ઉત્તરી વિસ્તારમાં તાજી રોડ પાસે ડ્રોન હુમલો કરાયો હતો. આ રસ્તો એ તરફ જાય છે કે જે તરફ અમેરિકાની ગેરકાયદેસર સેનાઓનો બેઝ આવેલો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારત ઠંડુગાર

## યુપીમાં તીવ્ર ઠંડીથી ૮૫નાં મોત : રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, પંજાબમાં ઠંડી આફત સમાન : સ્કુલ અને કોલેજોમાં અનેક જગ્યાઓએ રજા જાહેર કરવાની ફરજ

નવીદિલ્હી, તા. ૪

ઉત્તર ભારતની સાથે સાથે દેશભરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. એકલા ઉત્તરપ્રદેશમા નવા વર્ષમાં હજુ સુધી ૮૫ લોકોના મોત થઈ ચુક્યા છે. દેશના અન્ય ભાગોમાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. રાજસ્થાનમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે લોકો પરેશાન થયેલા છે.

મોટા ભાગના વિસ્તારોમાં પારો એકથી ચાર ડિગ્રી વચ્ચે રહ્યો છે. પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને બિહારમાં લોકોની હાલત કફોડી બનેલી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તેમજ ઉત્તરપ્રદેશ કાતિલ ઠંડીના સકંજામાં છે અને લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. જમ્મુ કાશમીરમાં શનિવારે આજે સવારે તાપમાનમાં ઘટાડો થયો હતો. લોકો ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. જો કે, હવામાન વિભાગે ૧૦મી જાન્યુઆરી બાદ સ્થિતિમાં સુધારો થશે તેવી વાત કરી છે.

ઉત્તર પ્રદેશમાં ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ છે. નવા વર્ષમાં પ્રથમ ચાર દિવસમાં ૮૬ લોકોના મોત થઈ ગયા છે. શીત લહેર અને વરસાદના પરિણામ સ્વરૂપે ઉત્તર પ્રદેશમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. જે વિસ્તારમાં લોકોના મોત થયા છે. તે પૈકી કાનપુરમાં સૌથી વધુ ૧૭, કાનપુર ગ્રામીણમાં પાંચ, ઝાંસીમાં ચાર, આગ્રા અને હમીરપુરમાં બે-બે લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશ ઉપરાંત રાજસ્થાનમાં પણ આવી જ હાલત થયેલી છે. સુર્ય દેવતાના દર્શન નહીવત સમાન રહ્યા છે. રાજ્યમાં શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં માર્ગો ઉપર વાહનો દેખાઈ રહ્યા નથી.



સુરતી ઊંધીયું - કેસર જલેબી

આજે સ્પે. તુવેરના ટોઠા મળશે

ગાંધીનગરની સંસ્કારી નગરીમાં
શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...

ગુજરાતી ● રાજસ્થાની ● પંજાબી ● મદ્રાસી

bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)

Managed by :
maa FOODS

101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887159, M. 8160053460

જાહેર આમંત્રણ

સરદારધામ આયોજિત

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ 2020

કન્વેન્શન | એક્ઝિબિશન | બિઝનેસ સેમિનાર | B2B મીટીંગ્સ

આજે છેલ્લો દિવસ | હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર

મુખ્ય ઉદ્દેશો
- એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વેપાર-ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું.
- સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું.
- યુવાઓને સન્માન સાથે રોજગારીની તકો પૂરી પાડવામાં ઉપયોગી થવું.

આજે વિશ્વવિક્રમી
60 હજાર B2B મિટીંગ્સમાં જોડાઓ
બપોરે 2 થી 3 | હોલ નં.5
આપનું બિઝનેસ કાર્ડ લઈને આવવું.

વિશેષતાઓ
- 1000થી વધારે સ્ટોલનું એક્ઝિબિશન
- ઉદ્યોગ જગતના અગ્રણીઓની ઉપસ્થિતિ
- આર્થિક વિકાસના મુદ્દાઓ પર ચેતન ભગત, વિવેક બિન્દ્રા, કુમાર વિશ્વાસ, જય વસાવડા, કાજલ ઓઝા વૈદ્ય જેવા પ્રખર વક્તાઓ તથા સમાજના અગ્રણી ઉદ્યોગપતિઓ દ્વારા માર્ગદર્શન

એક્ઝિબિટર્સ કેટેગરી
- રિઅલ એસ્ટેટ, સિરામિક અને હોમ ડેકોર
- ઈન્ફર્મેશન ટેકનોલોજી, એન્જિનિઅરિંગ
- કેમિકલ્સ અને ફાર્માસ્યુટીકલ્સ
- બેંકીંગ અને ફાયનાન્સ
- એગ્રીકલ્ચર અને ડેરી પ્રોડક્ટ્સ
- પાવર અને ઈલેક્ટ્રોનિક્સ, ફૂડ અને બેવરેજીસ
- એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુટ્સ
- ટેક્ષટાઈલ અને ગારમેન્ટ્સ

અને ઘણું બધું...




પાર્કિંગથી હેલિપેડ ગ્રાઉન્ડ જવા માટે ફ્રી બસ શટલ સેવા ઉપલબ્ધ
ડાયમંડ પાસ માટે વેલે પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ છે.
કન્વેન્શનમાં પ્રવેશ માટે ગેટ નં.7 | એક્ઝિબિશનમાં પ્રવેશ માટે ગેટ નં.2 તથા 9

એક્ઝિબિશનનો સમય સવારે 10 થી સાંજે 6 | એક્ઝિબિશનમાં પ્રવેશ ફ્રી

બિઝનેસ તથા શોપિંગ માટે જરૂર પધારો સર્વ સમાજને આમંત્રણ છે... જોવા જેવું છે!

ડાયમંડ સ્પોન્સર: MONTECARLO Born to Achieve

સિલ્વર સ્પોન્સર્સ: AVADH GROUP, GOPIN, Meghmani Organics Limited, OREVA LED LIGHTING, SHAYONA, નવગુજરાત સમય

પ્રાઈમ સ્પોન્સર: FINNATI A Brand by Samarth Diamond Group, N. K. Proteins Pvt. Ltd., PSP Projects Ltd., SUN BUILDING COMMUNITIES

ડોમ સ્પોન્સર: Ankita construction, अवनीबीज, Bada Business, Dhanveen Pigments Pvt. Ltd., Euro, EXPRESS LIFTS LTD., FIT & Flex, FLORA, ગાય બેસન, गीर गोवेदा, GOPAL NAMKEEN, indo ALUMINIUM PVT. LTD., J PACK, Lakshya Group, Makson, Nilkanth Group Of Industries, ROYALE TOUCHE, Samarth AGRICULTURE, SANKALCHAND PATEL UNIVERSITY, SHANTI CONSTRUCTION CO., Savaliya GROUP, SHYAMAL DEVELOPERS, SUNHEARRT CERAMIK, super CITY, SURANI STEEL, કાલુપુર બેંક, UREnergy, VARMORA innovating happiness, વર્ણીરાજ બિલ્ડકોન

SUPPORTED BY GSC BANK

આયોજક: સરદારધામ

ઈવેન્ટ પાર્ટનર: PRAVEG Accelerating ideas

સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ